## જાહેરાત જીએયુ - નં. 01/2024

### ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

ચાણકય ભવન, પોલીસ ભવન સામે, જામનગર – 361 008

નાયબ સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. 03/06/2021 ના ઠરાવ ક્રમાંક અયદ/102020/ન.બા-9/છ તથા ઉપસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. 09/08/2024 ના ઠરાવ ક્રમાંક:HFWD/MSM/e-file/7/2023/5380/CHH 1 થી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે કંટ્રોલર ઓફ એકઝામીનેશન વર્ગ-1 ની એક જગ્યા માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે:-

| ક્રમ | જગ્યાનું નામ તથા વર્ગ | જગ્યાની સંખ્યા | કેટેગરી | પગાર ધોરણ (સાતમાં પગારપંચ મુજબ) |
|---|---|---|---|---|
| 1 | કંટ્રોલર ઓફ એકઝામીનેશન વર્ગ-1 | 01 | જનરલ | રૂ. 67700-208700, લેવલ-11 |

ઉમેદવારોએ એસ.એસ.સી. થી શરૂ કરીને તેઓએ મેળવેલ તમામ શૈક્ષણિક લાયકાતોની માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ, જરૂરી અનુભવ, જાતિનું પ્રમાણપત્ર, ના-વાંધા પ્રમાણપત્ર, ઉંમર અંગે એસ.એસ.સી. પાસીંગ સર્ટીફીકેટ અથવા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તથા અન્ય લાગુ પડતાં તમામ પ્રમાણપત્રોની **સેલ્ફ એટેસ્ટેડ નકલો** અરજી ફોર્મ સાથે ફરજીયાત જોડવાની રહેશે. લાગુ પડતી જગ્યાઓમાં બુક, રીસર્ચ પેપર પબ્લીકેશન / પ્રેઝન્ટેશન વિગેરેના આધારોની **સેલ્ફ એટેસ્ટેડ નકલો** અરજી ફોર્મ સાથે અચૂક જોડવાની રહેશે.

ઉમેદવારે અરજી પત્રક સાથે જોડેલાં તમામ **સેલ્ફ એટેસ્ટેડ નકલો / પ્રમાણપત્રો** ઉપર પેઇજ નંબર આપી અનુક્રમણિકા અરજી પત્રક સાથે જોડવાની રહેશે.

અરજી ફોર્મ તા. **30/09/2024** સુધીમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરને રૂબરૂ / રજી.એ.ડી. / સ્પીડ પોસ્ટ ધ્વારા મળી જાય તે રીતે મોકલવાનું રહેશે.

ઇન્ટરવ્યુને પાત્ર ગણવાના થતાં ઉમેદવારોની સંખ્યા માટે યુનિવર્સિટી ધ્વારા ઠરાવેલ ધોરણો મુજબ વર્ગ-1 ની જે જગ્યામાં 6 થી વધુ ઉમેદવારોની અરજી માન્ય રહેશે તો સંખ્યા મર્યાદિત કરવા યુનિવર્સિટી દ્વારા પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામ બાદ ગુણ ક્રમાનુસાર પ્રથમ 06 ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.

### જાહેરાતની સામાન્ય જોગવાઇઓ

(1) અરજી સ્વીકારવાની છેલ્લી તા. :- **30/09/2024**

(2) ફી ની વિગત :- **Non Refundable**

(એ) સામાન્ય વર્ગના ઉમેદવારો માટે રૂ. 1000/-

(બી) અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / સામાજીક શૈક્ષણીક પછાત / શારીરીક ખોડખાંપણવાળા / આર્થિક રીતે નબળા વર્ગો (E.W.S.) ના ઉમેદવારો માટે રૂ. 250/-

અરજી ફોર્મ સાથે ઉપરોકત ફી ની રકમનો રીઝર્વ બેંક માન્ય કોઇપણ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ / પે-ઓર્ડર **"Registrar, Gujarat Ayurved University, Jamnagar"** ના નામનો જોડવાનો રહેશે.

(3) ફકત ભારતીય નાગરીકત્વ ધરાવતાં ઉમેદવારો જ અરજી કરી શકશે.

(4) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ ભરવી કે ન ભરવી, ઇન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારને પસંદ કરવા કે ન કરવા તથા આ જાહેરાતમાં કોઇ પણ કારણોસર ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ અરજી ફી ની રકમ કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

(5) અસલ પ્રમાણપત્રો વગર ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે લાયક ગણવામાં આવશે નહીં.

(6) સરકારી / અર્ધસરકારી / સરકારના જાહેર સાહસો / ગ્રાંટ ઇન એઇડ સંસ્થા / યુનિવર્સિટીમાં નોકરી કરતાં ઉમેદવારોએ પોતાના વિભાગનું **"ના-વાંધા પ્રમાણપત્ર"** અરજી સાથે અથવા ઇન્ટરવ્યુ સમયે ફરજીયાત રજુ કરવાનું રહેશે.

(7) વયમર્યાદામાં છુટછાટ અંગે :-

(1) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો તથા ભરતીના નિયમોને આધિન વયમર્યાદામાં છુટછાટનો લાભ મળવાપાત્ર રહેશે.

(2) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ઉમેદવારની વયમર્યાદા ગણવામાં આવશે.

(3) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.શૈ.પ. વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગો **(EWS)** ના પુરૂષ ઉમેદવારને પાંચ વર્ષની તથા સ્ત્રી ઉમેદવારને અનામત વર્ગના ઉમેદવાર તરીકે પાંચ વર્ષ તથા મહિલા ઉમેદવાર તરીકે પાંચ વર્ષ એમ બંને મળી ઉપલી વયમર્યાદામાં મહતમ દશ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(4) બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(5) શારીરીક અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. 01/12/2008 ના પરિપત્ર ક્રમાંક પરચ/102008/469540/ગ.2 થી નિયત થયેલ સુપ્રીન્ટેન્ડેન્ટ / સીવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(6) માજી સૈનિક ઉમેદવારને સરકારશ્રીના નિયમ અનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.

(7) વયમર્યાદામાં છુટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છુટછાટનો લાભ મેળવ્યા બાદ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ કોઇપણ ઉમેદવારની વય 45 વર્ષથી વધુ હોવી ન જોઇએ પરંતુ યુનિવર્સિટીના ભરતીના નિયમોમાં જે જગ્યામાં વયમર્યાદા 45 વર્ષથી વધુ હોય તેવી જગ્યાઓમાં ભરતીના નિયમો મુજબની જ વયમર્યાદા રહેશે અને ઉપલી વયમર્યાદામાં અન્ય કોઇ છુટછાટ મળવાપાત્ર થશે નહીં.

(8) અનામત વર્ગના ઉમેદવાર **(SC/ST/SEBC/E.W.S.)** જો બિનઅનામત વર્ગની જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારને વયમર્યાદામાં છુટછાટનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(8) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ જરુરી વયમર્યાદા, શૈક્ષણીક લાયકાત, અનુભવ, માન્ય બોર્ડ / કાઉન્સીલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા રીન્યુઅલ (જો લાગુ પડતું હોય તો) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ધરાવતાં હોવા જોઇએ.

ઉપરોક્ત જગ્યા માટે ઉમેદવારે ભારતના કોઇપણ રાજ્ય અથવા સેન્ટ્રલ માન્ય બોર્ડ / કાઉન્સીલનું રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઇએ. આ રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ અરજી સાથે જોડવાની રહેશે અને આ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવા આધારો રજુ કરવાના રહેશે. સી.સી.આઇ.એમ.ના તા. 22/04/2019 ના પત્ર **F.No.20-28/2019-Regn. (Misc)** મુજબ ગુજરાત રાજ્ય બહારના ઉમેદવાર પસંદગી મેળવે તો તેમણે સેન્ટ્રલ / ગુજરાત રાજયનું રજીસ્ટ્રેશન પોતાની ફરજ પર હાજર થયાની તારીખથી એક માસમાં રજુ કરવાનું રહેશે.

(9) ઉમેદવારે તેની શૈક્ષણીક લાયકાત / અનુભવ / ઉંમર / અનામત વિગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ પસંદગી બાદની નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે.

(10) કોમ્પ્યુટર જ્ઞાનની સીસીસી+ ની પરીક્ષા સરકારશ્રીના પ્રર્વતમાન નિયમ અનુસાર પાસ કરવાની રહેશે.

(11) ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવા તરીકે ગર્વમેન્ટ ગેઝેટની / નોટરાઈઝડ એફીડેવીટની નકલ અરજી સાથે અચૂક જોડવાની રહેશે.

(12) ભરતીના નિયમ અનુસાર જયાં અનુભવ માંગેલ હોય ત્યાં ઉમેદવારે સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ અરજી સાથે ફરજીયાતપણે જોડવાની રહેશે. જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર ધારણ કરેલ જગ્યા કે હોદો, અનુભવનો સમયગાળો, કયા વિષયનો શૈક્ષણીક / અન્ય અનુભવ તેમજ મેળવવામાં આવતાં પગારની વિગત (લાગુ પડતી જગ્યા માટે) ફરજીયાતપણે દર્શાવવાની રહેશે.

(13) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ / યુનિવર્સિટી / અન્ય કોલેજ ધ્વારા પસંદ થયેલ ઉમેદવાર ગેરલાયક ઠરાવેલ હોય અથવા ફરજીયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

<u>અનામત વર્ગની જગ્યાઓ માટેની શરતો:</u>

(14) આર્થિક રીતે નબળા વર્ગો **(E.W.S.)** ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. 25/01/2019 ના ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./122019/45903/અ ની જોગવાઇ મુજબ નિયત થયેલ નમુના **ANNEXURE – KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ(ગુજરાતી) નમુના મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા **E.W.S.** ના કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(15) મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ તેમજ આર્થિક રીતે નબળા વર્ગો **(E.W.S.)** ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(16) ઉમેદવારે અરજીપત્રકમાં અનામતકક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક તથા દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(17) અનામત વર્ગનો કોઇપણ લાભ મેળવવા ઇચ્છતાં ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે ફરજીયાત સામેલ કરવાની રહેશે.

(18) સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થતો હોય (નોન-ક્રિમિલેયર) તો જ મળવાપાત્ર રહેશે. તા. 01/04/2017 નાં રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિં થવા (નોન-ક્રિમિલેયર) અંગેનું પ્રમાણપત્રની મહતમ અવધિ ઇસ્યુ થયાના વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલું હોવું જોઇએ.

નોંધ :- ઉન્નત વર્ગમાં સમાવેશ નહિં હોવા (નોન-ક્રિમિલેયર) અંગેના પ્રમાણપત્રની માન્યતા / સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો / પરિપત્રોની જોગવાઇઓ આખરી ગણાશે.

(19) સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં હોવાનું (નોન-ક્રિમિલેયર) પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(20) જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ **(SC/ST/SEBC/E.W.S.)**, શારીરીક અશકતતા, મહિલા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તો તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે જ લાભ મળશે. આ લાભમાં વધુમાં વધુ 45 વર્ષની વયમર્યાદામાં ગણાશે.

કુલસચિવ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર.

# RECRUITMENT RULES

| | | |
|---|---|---|
| 1. | Name of the post | **Controller of Examinations** |
| 2. | Number of Posts | 01 |
| 3. | Classification | Group A |
| 4. | Scale of Pay | Rs.67700 – Rs.208700, as per ROP-2016, Level 11<br>Rs.15600 – Rs.39100, as per ROP-2009, Grade Pay 6600 |
| 5. | Method of recruitment | Direct Recruitment/ Deputation |
| 6. | Age limit for direct recruitment | Age not more than 45 years.<br>[Relaxations in age will be as per State Government norms] |
| 7. | Educational and other qualifications required for Direct Recruitment | a) Educational Qualifications:-<br>**Essential**:<br>• Master's Degree from a university/ institution recognized by Statutory Authorities, with at least 55% marks or an equivalent grade in point scales where grading system is followed;<br>**Desirable**:<br>• Degree in Management/Law or a Ph.D. degree<br><br>b) Experience:-<br>At least 10 years' experience as Assistant Professor in the Level 09 and above or with 5 years of service in the Level 10 and above including as Associate Professor along with at least 3 years' experience in educational administration.<br>**[OR]**<br>Comparable experience in research establishment and / or other institutions of higher education<br>**[OR]**<br>10 years of administrative experience in any organization, of which at least 5 years shall be in Pay Level 10 and above |
| 8. | Whether Age & Educational qualifications prescribed for direct recruits will apply in the case of Deputation? | • Age : Yes.<br>• Educational Qualifications : Yes.<br>• Deputation shall not more than three years. |
| 9. | Period of probation, if any | 01 year |

તા. 04/09/2024

જામનગર

(ડો. એ. પી. ચાવડા)

ઇન્ચાર્જ કુલસચિવ

# GUJARAT AYURVED UNIVERSITY
# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

Paste your recent passport size photograph here and sign across

**ઉમેદવારે અહીં પોતાનો તાજેતરનો ફોટોગ્રાફ ચોંટાડવો અને સહી કરવી**

## APPLICATION FORM
## અરજીપત્રક

Advt. No. ____________ Date : ____________ Name of Department: ____________
(જાહેરાત નંબર) (તારીખ) (વિભાગનું નામ )

Application for the post of : ____________________
(જે જગ્યા માટે અરજી કરવાની હોય તે જગ્યાનું નામ) :

**To,**

**The Registrar,**
**Gujarat Ayurved Unviersity,**
**Chanakya Bhavan, Hospital Road,**
**Jamnagar - 361 008**

1. Full Name (Surname First) In Block letters ____________________
(પૂરું નામ, અટકથી શરૂઆત કરવી)
____________________

1.1 Father's / Husband's Name - For married women only) ____________________
(પિતાનું / પતિનું નામ - ફક્ત પરીણિત સ્ત્રીઓ માટે)
____________________

2. **Present Address**
(હાલનું સરનામું, ટેલિફોન નંબર, ઈ-મેઇલ સાથે) ____________________
____________________
____________________

Tele. No : ____________ Mobile: ____________ E-mail: ____________

**Permanent Address**
(કાયમી સરનામું, ટેલિફોન નંબર, ઈ-મેઇલ સાથે) ____________________
____________________
____________________

Tele. No : ____________ Mobile: ____________ E-mail: ____________

3. Date of Birth ____________ Place of Birth ____________ Sex : Male /Female
(જન્મતારીખ) (જન્મસ્થળ) (જાતિ) પુરુષ/ સ્ત્રી

Age ____________ Years ________ Months Marital Status : Married/Unmarried
(ઉંમર) (વર્ષ) (માસ) વૈવાહિક સ્થિતિ : (પરીણિત/અપરીણિત)

Religion ____________ Nationality ____________ Domicile ____________
(ધર્મ) (રાષ્ટ્રીયતા) (રહેઠાણ)

4. Whether you belong to any reserved category mentioned below. If so, endorse certificate from competent authority.
(તમે નિમ્નલિખિત અનામત વર્ગના છો? જો હા, તો યોગ્ય સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવું.)

SC (અ.જા.) ☐ ST (અ.જ.જા.) ☐ SEBC (એસ.ઈ.બી.સી.) ☐ NT (એન.ટી) ☐

5. Are you physically handicapped.? If yes, endorse certificate from competent authority. Yes / No
(તમે શારીરિક ખોડખાંપણ ધરાવો છો?જો હા, યોગ્ય સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવું.) હા / ના

6. Mother tongue ____________________
(માતૃભાષા)

7.

| Sr. No. ક્રમ | Other Languages known બીજી ભાષાની જાણકારી | Speak બોલતા | Read વાંચતા | Write લખતા |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

8. Educational Qualificatiions (Attach separate sheet for more details, if required)
(શૈક્ષણિક લાયકાત. જરૂર જણાયે વધારાની માહિતી અલગ પાનામાં રજૂ કરવી)

| Sr. No. ક્રમ | Exam. passed પાસ કરેલ પરીક્ષા | Board/Uni./ Institution બોર્ડ/યુનિ./સંસ્થા | Stream પ્રવાહ | Principal subjects મુખ્ય વિષયો | Year વર્ષ | Percentage ટકાવારી | Remarks નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | | | | | | | |
| 2. | | | | | | | |
| 3. | | | | | | | |
| 4. | | | | | | | |
| 5. | | | | | | | |
| 6. | | | | | | | |
| 7. | | | | | | | |
| 8. | | | | | | | |

8.1. Typing and Computer knowledge? Yes/No (If yes, attach certificate)
(ટાઈપિંગ અને કમ્પ્યૂટર જ્ઞાનની વિગત) હા/ના (જો હા, તો પ્રમાણપત્ર રજૂ કરો)

1. Typing (WPM): Gujarati ________ Hindi ________ English ________
ટાઈપિંગ (પ્ર.મિ.ઝડપ) : ગુજરાતી હિન્દી અંગ્રેજી

2. Computer : CCC ________ CCC+ ________ PGDCA ________
કમ્પ્યૂટર : સી.સી.સી. સી.સી.સી.+ પી.જી.ડી.સી.એ.

9. If you have published articles or research papers or books, give details.
(લેખો અથવા સંશોધન પત્રો અથવા પુસ્તકો પ્રસિદ્ધ કર્યા હોય તો તેની વિગત)

______________________________

10. Expected salary including allowances : ______________________________
(એલાઉન્સ સહ એકંદરે કેટલો પગાર મળવાની ધારણા રાખો છો.)

11. When can you join if offered an appointment? ______________________________
(જો નીમવામાં આવે તો ક્યારથી જોડાઈ શકો?)

12. Please state previous experince or training in the follwing columns. (Attach separate sheet for more details, if required)
(અનુભવ અગર તાલીમ લીધી હોય તો તેની વિગત નીચેના નમૂનામાં આપો. જરૂર જણાયે વધારાની માહિતી અલગ પાનામાં રજૂ કરવી)

| Sr. No. ક્રમ | Name & Address of the employer નોકરીદાતાનું નામ અને સરનામું | Designation હોદ્દો | From નિમણૂક તારીખ | Left on છોડ્યા તારીખ | Pay Scale પગાર ધોરણ | Reason for leaving છોડવાનું કારણ | Remarks Part/Full Time નોંધ પાર્ટ/ફુલ ટાઇમ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | | | | | | | |
| 2. | | | | | | | |
| 3. | | | | | | | |
| 4. | | | | | | | |
| 5. | | | | | | | |

13. Are you having service agreement/bond with your present employer? Yes / No
If yes, please mention period etc., and give details separately.
(તમારી હાલની નોકરીમાં તમે કોઈ કરાર કર્યો છે? જો હા હોય તો તેની મુદત વગેરે અલગથી આપો.)હા / ના

14. Have you applied or been interviewed for any post in this University in the past? Yes / No
If yes, please mention post, and date of interview.
(આ પહેલા આ યુનિવર્સિટીમાં તમે કોઇ જગા માટે અરજી કરેલી અથવા રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવેલા?જો હા, હોય તો કઈ જગા માટે અને કઈ તારીખે તેની વિગતો આપો.) હા / ના

15. Please mention name of two reference who are not your relative and who can certify your work and conduct.
(બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામો આપો કે જેઓ તમારા સગા ન હોય અને તમારા કામ અને ચારિત્ર્ય વિશે અભિપ્રાય આપી શકે.)

1. ______________________ 2. ______________________

(Ph.): (M): (Ph.): (M):

16. Details of membership of any professional/academic body.
(વ્યવસાયી અગર શૈક્ષણિક સંસ્થાના સભ્ય હો તો તેની વિગત)

17. Any other relevant Information (Attach separate sheet for more details, if required)
(બીજી કોઈ માહિતી હોય તો. જરૂર જણાયે વધારાની માહિતી અલગ પાનામાં રજૂ કરવી)

18. Particulars of Fees : ________ Name of Bank : ________ Place : ________
(ફીની વિગત) (બેંકનું નામ) (સ્થળ)
Demand Draft No.: ________ Date: ________ Rs.: ________
(ડિમાન્ડ ડ્રાફ્ટ નં.) (તારીખ) (રૂપિયા)

19. List of Self attested copies of certificates/documents attached :
(સ્વ પ્રમાણિત સર્ટિફિકેટ/દસ્તાવેજની નકલોના બિડાણની વિગત)

1.______________________ 2.______________________
3.______________________ 4.______________________
5.______________________ 6.______________________
7.______________________ 8.______________________
9 ______________________ 10.______________________

20. I ______________________ solemnly declare that the pariculars furnished in this application are true and correct. I clearly understand that any misstatement of fact contained herein or willful concealment of any material fact will render me liable to appropriate action as may be decided by University.
(હું______________________પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે આ અરજીમાં લખવામાં આવેલ તમામ હકીકત સાચી અને ખરી છે. હું સારી રીતે સમજું છું કે ખોટી હકીકત અગર તો જાણીબૂઝીને લખવામાં આવેલ ખોટી હકીકત માટે યુનિવર્સિટી નક્કી કરે તે પગલાં મારી સામે લેશે.)

Place: ____________ Date: ____________ Signature of the Candidate: ____________
(સ્થળ) (તારીખ) (ઉમેદવારની સહી)

21. Submitted through proper channel :
I hereby declare that all statements made by appilicant are true and correct to the best of my knowledge and belief. If he/she will be appointed in the university, he/she can be releave within ______ month/s.
સંસ્થા મારફત રજૂઆત :
(આથી હું જણાવું છું કે, અરજદારે ઉપર જણાવેલી વિગતો મારી માહિતી અને માન્યતા મુજબ ખરી છે. એમને યુનિવર્સિટીમાં નિમણૂક આપવામાં આવશે તો અહીંથી માસ ________માં છૂટા કરી શકાશે.)

Seal : Signature of the Employer
(સિક્કો) (ખાતાના વડાની સહી) ____________

21.1 I will submit N.O.C. from my employer at the time of interview.
(હું મારા ખાતાધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર ઇન્ટર્વ્યૂ સમયે રજૂ કરીશ.)

______________________
Signature of the Candidate (ઉમેદવારની સહી)

★ ★ ★

N.B. 1. Application with incomplete information will not be accepted.
તા.ક. ૧. અધૂરી હકીકતવાળી અરજી સ્વીકારવામાં આવશે નહીં.
2. The application should be in the candidate's own handwriting.
૨. ઉમેદવારે પોતાના હસ્તાક્ષરમાં જ અરજી ભરવી
3. A candidate who is employed elsewhere should forward the application through his/her employer or should attach a certificate (No Objection Certificate) from the employer that he/she has been permitted to apply for the post in question, otherwise the application will not be considered.
૩. જો કોઈ ઉમેદવાર બીજી કોઈ સંસ્થામાં નોકરી કરતો હશે તો તેમણે તેમની અરજી પોતાના ખાતાધિકારી મારફત મોકલવી અથવા તેમણે સદર જગા માટે અરજી કરવા માટે પરવાનગી આપ્યા બદલનું પ્રમાણપત્ર (ના વાંધા પ્રમાણપત્ર)રજૂ કરવું, નહીં તો અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

# (FOR OFFICE USE ONLY)

**WHETHER ELIGIBLE BY :**

| | | | |
|---|---|---|---|
| (1) | Submitted through proper channel? /NOC | : | Yes ☐ No ☐ |
| (2) | Caste certificate produced? | : | Yes ☐ No ☐ |
| (3) | All other requisite certificates produced? | : | Yes ☐ No ☐ |
| (4) | Application fee paid? | : | Yes ☐ No ☐ |
| (5) | Age | : | Proper ☐ Over ☐ Under ☐ |
| (6) | Essential educational qualifiations | : | Yes ☐ No ☐ |
| (7) | Possession of requisite experience | : | Yes ☐ No ☐ |

(To be indicated clearly whether eligible or not) : ______________________

Overall eligibility : ______________________

**Application Status** : **Accepted** ☐ **Rejected** ☐

**If rejected, please specify the grounds (age, education, experience and computer qualification) on which candidature is rejected :**

**1. Age :**

**2. Educational Qualification :**

**3. Experience :**

**4. Computer Qualification :**

**5. Others (Specify) :**

**SIGNATURE OF SCRUTINY COMMITTEE** :

1. ______________________ 2. ______________________

3. ______________________ 4. ______________________